# સાહિત્યમાં વાસ્તવવાદ : સંજ્ઞા, સમ્પ્રત્યય અને વિભિન્ન આવિષ્કરણો

**ડૉ. કૌશિકકુમાર એલ. પંડ્યા**
**મદદનીશ પ્રાધ્યાપક, સરકારી વિનયન અને વાણિજ્ય કૉલેજ, બાબરા**
**જિ. અમરેલી**
**Email:- kaushikpandya88@gmail.com**

## સારાંશ:
છેલ્લી બે ત્રણ સદીઓથી સાહિત્યક્ષેત્રે રંગદર્શિતાવાદ, અસ્તિત્વવાદ, દાદાવાદ, નારીવાદ, દલિતવાદ, ભવિષ્યવાદ, અતિવાસ્તવવાદ, અસંગતિવાદ, પ્રતીકવાદ, કલ્પનવાદ જેવી જે વિભિન્ન વિચારધારાઓ અસ્તિત્વમાં આવી છે તેમાંની એક વિચારધારા છે વાસ્તવવાદ. ગુજરાતી ભાષામાં 'વાસ્તવવાદ' અંગ્રેજી સંજ્ઞા 'Realism'ના પર્યાય તરીકે પ્રચલિત થઇ છે. પાશ્ચાત્ય અને ગુજરાતી સર્જનાત્મક તથા વિવેચનાત્મક સાહિત્યમાં આ સંજ્ઞા નિમ્ન સ્તરનાં દલિત-પીડિત-શોષિત- ગરીબ લોકોના સંઘર્ષમય જીવનને શબ્દસ્થ કરવાના અર્થમાં પારિભાષિત થયેલી જોઇ શકાય છે, પરન્તુ વાસ્તવવાદને માત્ર આટલા જ અર્થવર્તુળમાં સીમિત કરી દેવાનું સર્જકોને અને વિવેચકોને યોગ્ય લાગ્યું નથી. તેથી બદલતા જતા સામાજિક પરિવેશની સાથે અને માનવીના જીવન, જગત અને જાત પ્રત્યેના પરિવર્તન પામતા જતા અભિગમની સાથે જ વાસ્તવવાદની અર્થક્ષિતિજ વિસ્તરતી રહી. આનું સીધું પરિણામ એ આવ્યું કે, વાસ્તવવાદ સંજ્ઞા સાથે સંકળાયેલો રૂઢ અને સંકુચિત અર્થ લુપ્ત થવા માંડયો અને તેના સ્થાને જે નવાં વાસ્તવલક્ષી વલણો વહેતાં થયાં, એ વાસ્તવલક્ષી વલણો પ્રગટ કરતો વાસ્તવવાદ વિવક્ષિત અર્થને સૂચવી શકે એ માટે વાસ્તવવાદ સંજ્ઞાની આગળ જુદાં જુદાં વિશેષણો મૂકાવાં માંડયાં. આમ સમાજવાદી વાસ્તવવાદ, આલોચનાત્મક વાસ્તવવાદ, મનોવિશ્લેણાત્મક વાસ્તવવાદ, આદર્શોન્મુખ વાસ્તવવાદ, રંગદર્શી વાસ્તવવાદ, નવ્ય વાસ્તવવાદ જેવાં વાસ્તવવાદનાં વિભિન્ન આવિષ્કરણો અસ્તિત્વમાં આવ્યાં. આ વિભિન્ન આવિષ્કરણ સન્દર્ભમાં પણ થોકબંધ ચર્ચાઓ થવા માંડી. સાહિત્ય કૃતિઓને માપવા-પ્રમાણવા - વિવેચવા આ વિભિન્ન અવિષ્કરણો ખપમાં લેવાવાં માંડયાં. એ રીતે સર્જન અને વિવેચનક્ષેત્રને નવો દૃષ્ટિકોણ પ્રાપ્ત થતાં નવી દિશા મળી. પ્રસ્તુત સ્વાધ્યાયમાં 'વાસ્તવવાદ' સંજ્ઞાનો શબ્દકોશીય અર્થ સ્પષ્ટ કરીને, એ સંજ્ઞા વિશે અંગ્રેજી, ગુજરાતી, હિન્દી વગેરે ભાષાના વિદ્વાનો એ કરેલી ચર્ચાઓ અને તેમનાં મંતવ્યો નોંધીને, તેનાં વિભિન્ન આવિષ્કરણોનો વિગતે પરિચય આપીને, આ સંજ્ઞાની સંકુલતા અને વિભિન્ન સંકેતો સ્પષ્ટ કરવાનો ઉપક્રમ છે.

## 'વાસ્તવવાદ' : શબ્દબંધારણની દૃષ્ટિએ :
વાસ્તવવાદ સાથે સંકળાયેલા અર્થને સ્પષ્ટ કરવા માટે, સૌ પ્રથમ, આ સંજ્ઞાને શબ્દબંધારણની દૃષ્ટિએ તપાસવી જોઇએ. અંગ્રેજી ભાષાનો શબ્દ 'Real' અને અનુગ 'Ism' ના સમન્વયથી બનેલી સંજ્ઞા 'Realism'ના મૂળમાં લેટિન ભાષાનો શબ્દ 'Res' પર્યાય પડેલો છે જેનો અર્થ થાય છે વસ્તુ-પદાર્થ, ગુજરાતી ભાષામાં આ સંજ્ઞાના પર્યાયતરીકે 'વાસ્તવવાદ' સંજ્ઞા અને હિન્દી ભાષામાં 'યથાર્થવાદ' સંજ્ઞા પ્રચલિત થઇ છે. 'વાસ્તવવાદ' ના મૂળમાં રહેલી 'વાસ્તવ' સંજ્ઞાની સંકુલતાને કારણે આ વિચારધારા અનેકાર્થી બની જવા પામી છે. સામાન્ય રીતે જોઇએ તો 'વાસ્તવ' સંજ્ઞાનો શબ્દકોશીય અર્થ છે વાજબીપણું, નિશ્ચિત, નક્કી કરેલું, સત્યભૂત પદાર્થ, સાચી હકીકત, પ્રત્યક્ષ, મૂર્ત યોગ્ય, સાચુંખરું'.૧

વાસ્તવના મુખ્યત્વે બે પ્રકારો - બાહ્ય વાસ્તવ અને આંતર્વાસ્તવ અને તેના પેટા પ્રકારોને કારણે વાસ્તવવાદના અર્થસંકેતો વિસ્તરતા રહ્યા છે. 'બૃહદ્ ગુજરાતીકોશ'માં 'વાસ્તવ' શબ્દના વાસ્તવિક હોવાપણું, વસ્તુસ્થિતિ, સાચી હકીકત, વાજબી હોવાપણું જેવા અર્થો સૂચવવામાં આવ્યા છે.૨ 'ગુજરાતી સાર્થ જોડણીકોશ'માં યથાર્થદર્શી વસ્તુતા એ હોય તે જોનારું, કલ્પના કે ભાવનાથી દોરાઈને નહીં એવા અર્થમાં 'વાસ્તવ' શબ્દને ઘટાવવામાં આવ્યો છે. આમ 'વાસ્તવ' શબ્દનો અર્થ ખૂબ જ વિસ્તૃત અને ગહન છે.

'વાસ્તવ' સાથે સંકળાયેલો શબ્દ 'વાદ'ને પણ, આ સન્દર્ભમાં તપાસવો જોઈએ. 'વાદ' શબ્દ સંસ્કૃત અને અંગ્રેજી બન્ને ભાષામાં પ્રચલિત છે. અંગ્રેજી ભાષામાં 'વાદ' શબ્દ 'Ism' તરીકે પ્રચલિત છે. 'Ism' મૂળમાં ગ્રીક અનુગ છે. અંગ્રેજીમાં 'Ism' શબ્દ કાર્ય સન્દર્ભે નામ-સંજ્ઞા યોજવામાં વપરાતો હતો. પરંતુ અઢારમી અને ઓગણીસમી સદીમાં 'વાદ' શબ્દ વિશિષ્ટ રીતે ચલણમાં આવ્યો. ખાસ કરીને કોઇ વિચારધારાના સન્દર્ભમાં પ્રચલિત થતો ગયો. આજ રીતે 'વાદ' શબ્દના મૂળમાં સંસ્કૃત 'વદ્' ધાતુ રહેલો છે. જેનો અર્થ થાય છે વાતચીત, વાર્તાલાપ, ભાષણ, નિવેદન, સલાહ, સિદ્ધાન્ત, પ્રસ્તાવ, શાસ્ત્રાર્થ, દલીલ, ચર્ચા, વિવાદ, પક્ષ, સંશય, મતભેદ, ભાંજગડ, તકરાર, આક્ષેપ, દલીલબાજી.૩ અહીં વાદનો અર્થ એવો તારવી શકાય કે 'જ્ઞાનવિજ્ઞાનની કોઈપણ શાખાના કોઇપણ વિષયમાં તર્ક અનુમાન કે તારણના આધારે બાંધેલી માન્યતાનું અથવા સિદ્ધાન્તનું પ્રતિપાદન.'

આમ અંગ્રેજી ભાષાની જેમ જ ગુજરાતી ભાષામાં 'વાસ્તવ' સંજ્ઞા સાથે 'વાદ' સંજ્ઞાનો સમન્વય કરતા 'વાસ્તવવાદ' જેવી સંજ્ઞા પ્રચારમાં આવી છે.

## 'વાસ્તવવાદ' નો શબ્દકોશીય અર્થ :

'વાસ્તવવાદ' સંજ્ઞાને સ્પષ્ટ કરવામાં તેનો શબ્દકોશીય અર્થ પણ થોડે ઘણે અંશે મદદરૂપ થઇ શકે એમ છે. 'The concise oxford Dictionary of current English's Real-ismમાં સંજ્ઞાને નીચે પ્રમાણે દર્શાવેલા અર્થમાં ઘટાવવામાં આવી છેઃ૪

(1) Scholastic doctrine that universals or general ideas have objective existence

(2) Belief that matter as object of perception has real existence

(3) Practice of regarding things in their true nature and dealing with them as they are freedom from predudice and convetion practial views znd policy.

(4) Fidelity of representation, truth to nature, insistence upon details'

'અંગ્રેજી-ગુજરાતી કોશ'માં 'રીઆલિઝમ' સંજ્ઞાને 'યથાર્થ' નિરૂપણ-ચિત્રણ; હકીકત-વસ્તુસ્થિતિ-નો વિચાર કરી વર્તવું તે'પ અને 'બૃહદ્ ગુજરાતી કોશ'માં 'વાસ્તવાદ' સંજ્ઞાને 'બધું સત્ય છે એ પ્રકારનો મત સિદ્ધાન્ત'એ અર્થમાં ઓળખાવવામાં આવી છે.'૬ અન્ય એક શબ્દકોશમાં 'Realism'નો અર્થ Showing of real life, Facts જેવો સૂચવાયો.૭

વાસ્તવવાદના શબ્દકોશીય અર્થ તપાસતાં એવું નોંધી શકાય કે જે સત્ય છે, યથાર્થ છે એવા માનવજીવનના આંતર-બાહ્ય અનુભવને જે વિચારધારામાં મુખ્યત્વે સ્થાન મળે છે એવી વિચારધારા એટલે વાસ્તવવાદ. આ દૃષ્ટિએ તપાસીએ તો આ સંજ્ઞા વિશાળ અર્થમાં પ્રયોજી શકાય, પરન્તુ આપણે ત્યાં અને પશ્ચિમના સાહિત્યજગતમાં પણ વાસ્તવવાદ વિશેષતઃ સમકાલીન સામાજિક જીવનને અને તેમાંય ખાસ કરીને આપણે ત્યાં નીચલાં સ્તરનાં લોકોનાં સુખોદુઃખોને સાદી-સરળ ભાષામાં અભિવ્યકત કરવાના અર્થમાં પ્રયોજાઇને ચપટી બની ગઇ છે. એક સાહિત્યિક વાદ તરીકે આ સંજ્ઞા વિશેની સમજ આ રીતે પ્રગટ કરવામાં આવી છે: "Realism-વાસ્તવવાદ. રોજિંદા જીવન ઘટનાઓને કૃતિના વિષય તરીકે સરળ, પરિચિત શૈલીમાં નિરૂપવાનો આગ્રહ સેવતા આ સાહિત્યિકવાદનો ગદ્ય સાહિત્યમાં વિશેષ પ્રમાણમાં વિનિયોગ થયો છે. ભાષાની સરળતા, વિગતોની ઝીણવટ તથા વર્ણનોમાં સત્યાભાસ (Veri-similitude) એ આ વાદનાં મુખ્ય લક્ષણો છે. ૧૮૩૦ની ફ્રેન્ચ ક્રાંતિ પછી વાસ્તવવાદનો સક્રિય સાહિત્યિક ચળવળ તરીકે ઉદ્‌ભવ થયો. વીસમી સદીના આરંભમાં આ વાદની વિભાવનામાં કેટલાંક પરિવર્તનો આવ્યાં, જે પૈકી છબીકલાની ઝીણવટને સાહિત્યિક કૃતિમાં ઝિલવાનું વલણ મહત્ત્વનું છે. સામાજિક વાસ્તવવાદ (Social Realism)ના ઉદ્‌ભવ સાથે મધ્યમ અને નીચલા વર્ગના સમાજના કથાસાહિત્યમાં આ વાદની છાયામાં નિરાશા, વૈફલ્ય, ઉપેક્ષા વગેરે ભાવોનો વિનિયોગ થવા લાગ્યો."૮

આમ વિભિન્ન શબ્દકોશો 'વાસ્તવવાદ'ના અર્થને પ્રગટ કરે છે, પરન્તુ આ શબ્દકોશીય અર્થથી જ આ સંજ્ઞા સમજાઈ જાય તેવી સરળ નથી. તેની સંકુલતા તો ત્યારે જ સમજાય છે જ્યારે આપણે તેના વિશે થયેલી થોકબંધ ચર્ચાઓને તથા સર્જાયેલી સાહિત્યિક કૃતિઓને વાંચીએ.

## વાસ્તવવાદ : સમ્પ્રત્યયઃ

'વાસ્તવવાદ' સંજ્ઞા એક સંકુલ સમ્પ્રત્યય બની ગઇ છે તેની સાથે સંકળાયેલ 'વાસ્તવ'નાં વિભિન્ન આવિષ્કરણો અને અર્થઘટનોને કારણે. પ્લેટોથી માંડીને આજ સુધીના વિચારકોએ કલા અને વાસ્તવના સમ્બન્ધ વિશે અવનવા પ્રશ્નો ઊભા કરીને ચર્ચા કરી છે. પ્લેટોને મતે 'આઇડિયા' એ જ પરમ વાસ્તવ હતું. કલાકાર તો તેના અનુકરણનું પણ અનુકરણ કરતો હોવાથી એણે સર્જેલી કલાસૃષ્ટિ મિથ્યા છે, એમ જણાવીને પ્લેટોએ પોતાના આદર્શનગરમાંથી કવિઓને દેશવટો આપ્યો હતો. પરન્તુ તેના શિષ્ય એરિસ્ટોટલે કલાને વાસ્તવનું સ્થૂળ અનુકરણ ન ગણાવતા, વાસ્તવનું રૂપાન્તર કરતું અનુસર્જન ગણાવીને, કલા અને કલાકારનું ગૌરવ વધાર્યું હતું. આમ પ્લેટો- એરિસ્ટોટલના જમાનાથી વ્યવહાર જગતના વાસ્તવ અને કલા જગતના વાસ્તવના સમ્બન્ધની વિચારણા થતી આવી છે.

સર્જક જ્યારે જેવું ચિત્ર જેવા રૂપમાં નિહાળે છે અને તેને તેવા જ રૂપમાં આપણી સામે મૂકે છે ત્યારે તેને આપણે 'વાસ્તવિક'ની સંજ્ઞાથી ઓળખાવીએ છીએ. એમાં કલાકાર એક સજીવ, વાસ્તવિક તથા

સ્વાભાવિક ચિત્ર રજૂ કરે છે. કલાકાર એ ચિત્રમાં કોઇ પણ પ્રકારનું પરિવર્તન કરતો નથી, ન તો તેને વધારે છે કે ન તો તેને ઘટાડે છે. તે કોઈ વસ્તુ, પાત્ર અથવા પરિસ્થિતિ જેવું છે તેવું જ વર્ણન કરે છે. આ રીતે કોઇ વસ્તુનું યથાતથ અનુકરણ જ વાસ્તવવાદના નામે ઓળખાય આવે છે.

વાસ્તવવાદનો શાબ્દિક અર્થ છે; જે વસ્તુ , જેવી છે તેને તે જ અર્થમાં ગ્રહા કરવી. તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, સૌન્દર્યશાસ્ત્ર, કલા તથા સાહિત્યના ક્ષેત્રમાં વાસ્તવવાદને એક એવા દૃષ્ટિકોણ તરીકે ઓળખાવવામાં આવ્યો છે જે સૂક્ષ્મની અપેક્ષાએ સ્થૂળનું, કાલ્પનિકની અપેક્ષાએ કુરૂપનું અને આદર્શના સ્થાને યથાર્થ આલેખન કરે. વાસ્તવવાદ, આમ તો, એક દૃષ્ટિકોણ જ છે; પરન્તુ વાસ્તવવાદનો જે પ્રાથમિક અર્થ પ્રચલિત છે તેના સન્દર્ભમાં અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે:

(૧) વસ્તુને તેની બધી બાજુથી જોઇ-પામી શકાય ખરી?

(૨) વ્યકિતના આંતર-બાહ્ય વ્યકિતને સમ્પૂર્ણ જાણી શકાય?

(૩) પરિસ્થિતિને તેનાં ઉદ્‌ભાવક, પ્રેરક, પોષક અને પ્રોત્સાહક પરિબળોના સન્દર્ભમાં નિઃશેષ વર્ણવી શકાય?

(૪) વાસ્તવને જોવાનો દરેક કલાકારનો દૃષ્ટિકોણ એક હોઈ શકે?

(૫) વસ્તુ, પાત્ર અથવા પરિસ્થિતિને કલાકાર તેના કોઇ એક જ સન્દર્ભમાં એક જ દૃષ્ટિકોણ પામતો હોય છે?

આ પ્રકારના પ્રશ્નોનો ઊંડાણથી વિચાર કરતાં જણાય છે કે કોઈપણ વસ્તુ, વ્યકિત અથવા પરિસ્થતિને તેના તમામ આંતર-બાહ્ય સન્દર્ભમાં પામી શકાય નહીં. કલાકાર તેના જે દૃષ્ટિકોણથી અને વસ્તુ, વ્યકિત અને પરિસ્થિતિનો જે સન્દર્ભમાં પામવાની અને વર્ણવાની મથામણ કરે છે એ દૃષ્ટિકોણો અને સન્દર્ભોનું વૈવિધ્ય વિશાળ હોવાથી ‘વાસ્તવ’ની કોઈ એક વ્યાખ્યા કરીને વાસ્તવવાદને સમજાવવો અઘરો થઇ પડે છે. આ સન્દર્ભમાં ડૉ. જયન્ત ગાડીતનું મંતવ્ય ટાંકવા જેવું છે : “વસ્તુજગત તરફ જોવાનો અભિગમ યુરોપીય વિચારજગતમાં સતત બદલાતો રહ્યો છે, અને તેથી વાસ્તવ કે વાસ્તવવાદ એટલે શું એનો કોઇ નિશ્ચિત ખ્યાલ આપણે બાંધી શકીએ એવી સ્થિતિ નથી. એનો અર્થ એવો નથી કે ‘વાસ્તવવાદ' સંજ્ઞાનો ઉપયોગ સાહિત્યવિવેચનમાં અપ્રસ્તુત છે. વસ્તુજગત તરફ જોવાનો અભિગમ જેમ બદલો તેમ ‘વાસ્તવવાદ' સંજ્ઞા વસ્તુજગત તરફ જોવાના એ નવા અભિગમને અનુરૂપ નવો અર્થ સમાવતી આજ સુધી સાહિત્યવિવેચનમાં સજીવ બનીને ટકી રહી છે.”૯ વાસ્તવ અને વાસ્તવવાદ સંજ્ઞાને કોઇ એક નિશ્ચત વ્યાખ્યાના પિંજરમાં પૂરવી મુશ્કેલ જ નહીં, પરન્તુ અશકય લાગે છે. અશક્ય એટલા માટે કે આ વિશ્વ માનવીય સૃષ્ટિ કે માનવજીવન અનેકાનેક પ્રકારનાં વૈવિધ્યોથી ભરેલાં છે. ક્યાંય કોઇ વસ્તુમાં, વ્યક્તિમાં, પરિસ્થિતિમાં, અનુભવોમાં, સામાજિક-આર્થિક સ્થિતિમાં સાત જોવા મળતું નથી. આ જગતમાં ગંદકી છે તો સૌન્દર્ય પણ છે; કુટિલતા, પ્રપંચો ખૂન-ખરાબી, લૂંટ, મારતોડ છે તો સદ્‌ભાવના,

પ્રેમ, સદાચાર, પરોપકાર, સહાનુભૂતિ પણ છે. ભ્રષ્ટાચારી, દુરાચારી, કે વ્યભિચારી માણસો છે તો સદાચારી, પ્રમાણિક અને ભક્તિ ભાવનાથી ભરેલા માણસો પણ છે. ગરીબ,બેંકાર, શોષિત -પીડિત માણસો છે તો ધનવાન, પ્રવૃત્તિશીલ અને સદાય હેરથી જીવનારા માણસો પણ છે. એક સમય ખાવા માટે ફાંફા મારતા, કાકલૂદી કરતા, લાચારી કરતા માણસો છે, તો બત્રીસ જાતના પકવાન ખાતા, બધા જ પ્રકારના 'સેટો' વચ્ચે જીવતા માણસો પણ છે. ગ્રામજીવન જીવતા માણસો છે, નગરજીવન જીવતા માણસો પણ છે.

આ વિરોધાભાસી અને વૈવિધ્યપૂર્ણ વિશ્વની એવી કઇ સ્થિતિને, કયા અનુભવને કલાકાર પસંદ કરીને સાહિત્યમાં નિરૂપે કે આપણે તેને વાસ્તવિક કહી શકીએ ? સામાન્ય રીતે તો કોઈપણ પ્રકારની સ્થિતિને વાસ્તવિક કહી શકાય. ગરીબોની ગરીબી, પીડિતોની પીડા, શોષિતોની શોષણખોરી, અસ્પૃશ્યતા, વર્ગવિગ્રહો, સામાજિક-આર્થિક વિષમતાઓ, ગ્રામજીવનને આપણે વાસ્તવિક કહીએ તો સામી બાજુની સ્થિતિને પણ વાસ્તવિક કહેવી પડે. દુઃખને વાસ્તવિક ગણાવીએ તો સુખને પણ વાસ્તવિક ગણાવવું જોઇએ. અન્યાયને વાસ્તવિક ગણાવીએ તો ન્યાયને પણ વાસ્તવિક ગણાવવો જોઈએ. અશ્લીલતાના અંશોના નિરૂપણેને વાસ્તવિક ગણાવતા હોઈએ તો અશ્લીલતાના અંશોના નિરૂપણને પણ વાસ્તવિક ગણાવવું પડે.આમ છતાં આજ સુધી સાહિત્યના સન્દર્ભમાં વાસ્તવવાદને સીમિત - સંકુચિત અર્થમાં જ ઓળખાવવાના પ્રયાસો થયા છે.

જે સીમિત અર્થમાં વાસ્તવવાદને ઓળખાવવામાં આવે છે તેના સન્દર્ભમાં ડૉ. પ્રમોદકુમાર પટેલે નોંધ્યું છે : 'વાસ્તવવાદી સાહિત્ય એટલે લોકજીવનના નક્કર કઠોર પ્રશ્નો રજૂ કરતું સાહિત્ય : એમાં ઉત્કટ સામાજિક-આર્થિક વિષમતાઓનું ઘેરું સંક્ષોભક ચિત્રણ હોય; ગરીબી, કંગાલિયત, શોષણ, અન્યાય કે વર્ગસંઘર્ષની વિશેષ ભૂમિકા હોય; સાથે લોકજીવનના કુત્સિત, ક્ષુદ્ર અને અશ્લીલ નિરૂપણ હોય, વગેરે."૧૦

આ જ પ્રકારના મંતવ્યને ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટે તેમના પુસ્તક 'સમીક્ષાસેતુ'ના સાહિત્યમાં 'વાસ્તવવાદ' નામના લેખમાં પુનરાવર્તિત કર્યું છે.

વાસ્તવવાદ જીવનપરાયણતામાંથી જન્મેલી વિચારધારા છે. જીવનપરાયણ વાસ્તવવાદ જીવનમાંના એટલે કે બાહ્ય વસ્તુઓમાંના સત્યને શોધવા પ્રયાસ કરે છે. આ આખીય પ્રક્રિયાના સન્દર્ભમાં ઉમાશંકર જોશીએ અછડતી ચર્ચા કરતાં નોંધ્યું છે. "વાસ્તવવાદ સામેના બે પ્રશ્નો તપાસતાં જોવા મળે છે કે વસ્તુનું યથાવત્ વર્ણન શક્ય નથી; પ્રયત્ન કરવા જતાં કેમેરાએ લીધેલો જડ પડછાયો મળી શકે,વાણી (વાચ્યાર્થમૂલક)ના સાધન દ્વારા માત્ર સામાન્ય -કશા વિશેષ વિનાની, અકિંચિત્કર કશી અસર ન કરે એવી ઉકિત મળે. ઉપરાંત વસ્તુ પાછળ દોડવા જતાં સત્ય લાભ થાય છે એવી પણ પ્રતીતિ

પણ થતી નથી. એટલે આ રીતે વાસ્તવવાદ જીવનને વફાદાર થવા જતાં -જીવનની વાસ્તવિક વીગતોમાં પડેલા સત્યને પકડવા જતાં - ભાગ્યે જ સફળતા પામે છે.'૧૧

ઉમાશંકર જોશીની વિચારણા જીવનપરાયણ વાસ્તવવાદના સાહિત્યમાં થતાં વિનિયોગ અને તેના પરિણામે થતાં પ્રશ્નોના સન્દર્ભમાં યોગ્ય છે. જીવનપરાયણ વાસ્તવવાદ જીવનમાં સત્યને શોધવા જતાં વસ્તુલક્ષી સત્યને પામી શકતો નથી. કવિ કલાના સત્યને ખોઇ બેસે છે. સાહિત્ય માત્ર વ્યકિત દ્વારા રજૂ થતું હોઇ વસ્તુલક્ષી સત્ય યથાવત્ રહી શકતું નથી, અને વસ્તુગત્ સત્યના અભિનિવેશને લીધે એની પાછળની ભાવમયતાને સ્ફુટ કરી કવિ કલાના સત્યને સ્ફૂરાવવાનો પ્રયત્ન જ મંદ રહે છે. આ પ્રકારની વિચારણા રજૂ કરતાં ઉમાશંકર જોશી જીવનધર્મી વાસ્તવવાદને સ્ખલનરૂપ, અતિચારરૂપે ગણાવે છે. ૧૨ ઉમાશંકર જોશીએ વાસ્તવવાદી સર્જકની મુશ્કેલીને તેમની ચર્ચામાં સરસ રીતે વણી લીધી છે. જે રીતે નવવધૂ સામે પિયરપક્ષ અને શ્વસુરપક્ષ હોય છે એ જ રીતે દરેક સર્જક સામે જીવનનું વાસ્તવ અને કલાનું વાસ્તવ હોય છે. જીવનના વાસ્તવને વફાદાર રહેવા જતાં કલાના વાસ્તવનો ભોગ આપવો પડે છે. કલાના વાસ્તવની ભકિત કરતાં જીવનનું વાસ્તવ નંદવાય છે. આમ વાસ્તવવાદી સર્જકે, નવવધૂની જેમ, જીવનના વાસ્તવ અને કલાના વાસ્તવ પ્રત્યનું સમતોલપણું જાળવવાનો મહાપ્રયાસ કરવો પડે છે. એવું ન થઇ શકે તો સર્જકોની સર્જકની સર્જનપ્રતિભા ઝાંખી પડે છે.૧૩ આ રીતે વાસ્તવવાદ એટલે જીવન પ્રત્યેની અપૂર્વ વફાદારીથી થયેલું આલેખન નહીં; એવી જ રીતે કલાપ્રત્યેની અદ્ભુત પ્રીતિથી થયેલું આલેખન પણ નહીં; પરન્તુ આ બન્ને વચ્ચેની એક કાલ્પનિક રેખા જ વાસ્તવવાદનો સાચો પરિચય કરાવે છે.

વાસ્તવવાદના સન્દર્ભમાં થોકબંધ ચર્ચાઓ થઇ છે. કેટલીક ચર્ચાઓ તો વિરોધાભાસી વિચારો રજૂ કરી જાય તેવી હોવા છતાં વાસ્તવવાદને સમ્પૂર્ણ જાણવા સમાજવા માટે ઉપયોગી થઇ પડે તેવી છે. દરેક વિચારક-સર્જક વાસ્તવવાદને પોતપોતાની સમજ અને શકિત મુજબ સમજીને વ્યકત કરવાના પ્રયાસો કરે છે. પ્રોફે. રેને વેલેક નામના અંગ્રેજ વિચારક વાસ્તવવાદને સમકાલીન સમાજના વસ્તુલક્ષી નિરૂપણ તરીકે ઓળખાવીને તેમની વિચારણાને વિશદ રીતે સમજાવતા નોંધે છે: "સમકાલીન સમાજનું, કલ્પનાનું નહીં, પરન્તુ વસ્તુલક્ષી, નિયમબંધ વ્યવહાર દુનિયાનું, અસંભવિત કે અસામાન્ય બનાવોનું નહીં પરંતુ નજર સમક્ષ દેખાતું વિરૂપ, અરુચિકર કોઈપણ વસ્તુનું નિરૂપણ જે કલામાં થાય તેને વાસ્તવવાદ કહેવામાં આવે છે. ૧૪

વાસ્તવિકતા એટલે દરેકની આ દુનિયા વિશેની આગવી વ્યકિતગત સમજ, દરેક લેખક પોતાની સમજને વફાદાર રહીને તે પ્રમાણે ચિત્રણ કરે જે પોતાની સમજ સ્વીકારી શકે તેને પ્રોફે. રેને વેલેક મહાન કલકાર તરીકે ઓળખાવે છે. તેમના ઓળખાવી-સમજાવી શકાય. આ સન્દર્ભમાં એક ચર્ચાસ્પદ મુદ્દો ઊભો કરતો પ્રશ્ન પૂછી શકાય : જે સુન્દર છે, જે રુચિકર છે, જે નજર સામે અર્થાત્

પંચેન્દ્રિય પામી શકાતું નથી તેને વાસ્તવિક ન ગણાવી શકાય ? જે રીતે બાહ્ય, વસ્તુલક્ષી વાસ્તવ છે, સામાજિક વાસ્તવ છે તે રીતે ચૈતસિક,વૈયક્તિક વાસ્તવ પણ ન હોઈ શકે ? આધુનિક સર્જકોએ તો ચૈતસિક વાસ્તવનાં વિવિધ પરિમાણોને કલામાં ઉપાસવવાન પ્રશંસનીય અને કલાત્મક પ્રયાસો કર્યા છે. છેલ્લા ત્રણ-ચાર દાયકાઓની-સ્વાતંત્ર્યોત્તર યુગની કૃતિઓને આ સન્દર્ભમાં તપાસીશું તો 'વાસ્તવવાદ' વિશેની એકાંગી વિચારણા કે અધૂરી કે સીમિત ઠેરવવા વિવશ કરે છે. પૂર્વ અને પશ્ચિમ દેશોના વિચારકોએ વાસ્તવવાદ વિશે જે વિચારણા રજૂ કરી હતી તે વિચારણાને જ આધુનિકોએ વિસ્તૃત અને ગહન બનાવવાના પ્રયાસ કર્યા છે.

વાસ્તવવાદના સન્દર્ભમાં એક એવો ખ્યાલ બંધાઈ ગયો હતો કે વાસ્તવવાદી સર્જક જીવન, સમાજ અને માનવીના કુત્સિત, નીચ, બીભત્સ અંશોનું ચિત્રણ કરે છે. તેમાંય વળી ગ્રામ્ય પરિવેશ વિશેષ રીતે નિરૂપવાનો આગ્રહ રખાતો પરન્તુ જરા ઊંડાણથી વિચારીશું તો વાસ્તવવાદની વિસ્તરતી જતી ક્ષિતિજનો સહેજેય ખ્યાલ આવશે.વાસ્તવવાદી સર્જક અને વાસ્તવવાદી સર્જકનો આશય કેવો હોય છે એ વિશે હિન્દી ભાષાના અગ્રગણ્ય આલોચક શિવકુમાર મિશ્રએ સ્પષ્ટ રીતે સમજાવતાં નોંધ્યું છે: "પ્રશ્ન કુત્સિત, વિરૂપ, ઘિનૌને તથા બીભત્સ માને જાનેવાલે પ્રસંગોકે ચિત્રણકા નહીં, ઉનમેં નિહિત લેખકકી મૂલ દૃષ્ટિ ઔર સામાન્ય જન પર પડનેવાલે ઉસકે પ્રભાવોકો પરખને ઔર ગ્રહણ કરનેકો હૈ. કોઈ ભી સચ્ચી યથાર્થવાદી કૃતિ પાઠકકો કુરૂપ તથા ઘિનૌની વાસ્તવિકતાસે પ્રેમ કરના નહીં સિખાતી. અપની કલાત્મક, સામાર્થ્ય કે બલ પર વહ પાઠકો કો કુરૂપ તથા ઘિનૌની વાસ્તવિકતાસે પ્રેમ ન કરકે ઐસી કલાકે પ્રતિ હી અપના પ્રેમ નિવેદિત કરતા હૈ. યથાર્થવાદ કે પ્રત્યેક સમર્થ લેખકને સામાજિક જીવનકા વિકૃતિયોં, અનૈતિક રુઝાનોં તથા અસ્વસ્થ ભૂમિકાઓ કે ચિત્રણમેં યહા સ્વસ્થ તથા રચનાત્મક રુખ અપનાયા હૈ".૧૫

શિવકુમાર મિશ્રએ તેમના પુસ્તક 'યથાર્થવાદ'માં યથાર્થવાદ વિશે વિચારકો અને સર્જકોમાં પ્રવર્તતી કેટલીક ભ્રાન્તિઓને દૂર કરીને યથાર્થવાદની સાચી સમજ આપવાનો પ્રશંસનીય પ્રયાસ કર્યો છે. તેઓએ લુકાચ, અર્ન્સ્ટ ફિશર, જે.પી. શિપ્લે, સેંટ સાઈમન, ઓગસ્ટી કામ્ટ, ડાર્વિન, માર્કસ, અંગેલ્સ જેવા જુદા જુદા ચિંતકો-વિચારકોની વિચારણાનો આધાર લઈને તેમની યથાર્થવાદ વિશેની સમજને સરળ અને સુદૃઢ બનાવી છે.

શિવકુમાર મિશ્રએ અર્ન્સ્ટ ફિશરના વાસ્તવવાદ વિશેના વિચારોને અસ્પષ્ટ ગણાવ્યો છે.૧૬ અર્ન્સ્ટ ફિશરે વાસ્તવવાદને એક દૃષ્ટિકોણના રૂપમાં, તો ક્યારેક શૈલીના રૂપમાં વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કર્યો છે. તેઓએ બાહ્ય વાસ્તવની સાથે કલાકારના મનનો જે સંયોગે દેખાડયો છે અને તેના અનુસંધાને કલાકૃતિમાં પ્રસ્તુત થનાર વાસ્તવ તથા બાહ્ય વાસ્તવમાં જે અંતર બતાવ્યું છે તે પર માકર્સવાદી કલાચિંતકોએ વિચારણા કરી છે. અન્સર્ટ ફિશરે કલાની અંતર્ગત યથાર્થબોધની રૂપરેખાને

અત્યંત સામાન્ય અથવા વ્યાપક બનાવી દીધી છે. આ ઉપરાંત અર્ન્સ્ટ ફિશરે યથાર્થ ને ચિત્રણની એક વિશિષ્ટ પદ્ધતિના રૂપમાં સ્વીકારવાનો આગ્રહ કર્યો છે. આ સન્દર્ભમાં શિવકુમાર મિશ્ર નોંધે છે : "કલાકે અંતર્ગત સ્થાન પાને વાલા યથાર્થ, બાહ્ય યર્થાથસે વિશિષ્ટ હોતે હુ એ ભી, અંતત: ઉસીકા અવિચ્છિન્નઅંગ હૈ. રહી યથાર્થકો કેવલ પદ્ધતિ માનને કી બાત. તો પ્રાય: સભા વિચારકોને ઉસે પદ્ધતિ તથા દૃષ્ટિકોણ દોનોં હી ભૂમિયાં પર માન્યતા દી હૈ".૧૭

વાસ્તવવાદને વાસ્તવિક જીવન પ્રત્યેના વસ્તુ પરક દૃષ્ટિકોણ તરીકે ઓળખાવામાં આવ્યો છે. વસ્તુપરક દૃષ્ટિકોણ વાસ્તવવાદીનો જ નહીં, પરન્તુ પ્રકૃતિવાદીઓનો પણ છે. જો બન્ને વાસ્તવવાદી અને પ્રકૃતિવાદીનો વસ્તુપરક દૃષ્ટિકોણ હોય તો બન્ને વચ્ચે ભેદરેખા કઇ? સામાન્ય રીતે કહી શકાય કે પ્રકૃતિવાદીઓની વસ્તુપરકતા સપાટી પરની હોય છે. જે કૃતિતત્ત્વના માધ્યમથી સમજાવી શકાય. મનોવિશ્લેષણવાદીઓનો સમ્બન્ધ વસ્તુજગતના યથાર્થ સાથે હોતો નથી, પરન્તુ વ્યકિતના મન સાથે હોય છે. તદ્દુપરાંત તેમની દૃષ્ટિ વ્યક્તિપરક હોય છે, વસ્તુપરક નહીં, પાશ્ચાત્ય વિવેચક અને વાસ્તવવાદ વિશે વિશદ અને ગહન વિચારણાં રજૂ કરનાર સમર્થ વિચારક લુકાચ માને છે કે મનોવિશ્લેષણવાદી લેખકની દૃષ્ટિ પણ વ્યકિતના સમ્પૂર્ણ સ્વત્વનો ભેદ મેળવવા અને તેને અભિવ્યકત કરવામાં અસમર્થ નીવડે છે. તે તો મનના કેટલાંક ખાસ બિન્દુઓ અને ખાસ પ્રવૃત્તિઓને જ પોતાના અધ્યયનનો વિષય બનાવે છે. તે માને છે કે વ્યકિતના વ્યક્તિત્વને સામાજિક સન્દર્ભમાં જ પામી શકાય. સમાજિક સન્દર્ભને તોડીફોડીને વ્યકિતના વ્યકિતત્વને પામવા જતા કશું જ હાથ લાગતું નથી. આ કારણે લુકાચ પ્રકૃતિવાદીઓની વસ્તુપરકતા અને મનોવિશ્લેષણવાદીઓની વ્યકિતપરકતાને ખોટા જાહેર કરીને વાસ્તવવાદને બન્નેથી જુદો પાડે છે.

લુકાચ વાસ્તવવાદને, પ્રકૃતિવાદીઓની વસ્તુપરકતા અને મનોવિશ્લેપણ-વાદીઓની વ્યકિતપરકતાના મિથ્યાત્વ સામે, સત્ય અને સમાધાન સુધી પહોંચવાના એક ત્રીજા રસ્તા તરીકે ઓળખાવતા નોંધે છે" :Realism however is not some sort of middle way between false objectivity and false subjectivity, but on the contrary, the true solution bringing third way, opposed to all the pseudo-dilemmas engendered by the wrongly posed questions of these who wander without a chart in the labyrinth of our time."૧૮ આ રીતે લુકાચના મંતવ્ય પ્રમાણે વાસ્તવવાદ મિથ્યા વસ્તુપરક્તા તથા મિથ્યા વ્યક્તિપરક્તા વચ્ચેનો કોઇ મધ્યમાર્ગ નથી, પરન્તુ તેની વિરુદ્ધ આ સમયની ભૂલભૂલામણીમાં નકશા વિના ફરતા લોકોએ ઊભા કરેલા ખોટા પ્રશ્નોથી ઉદ્‌ભવેલ અસમંજસોની સામે સત્ય અને સાચા સમાધાન સુધી પહોંચવાનો એક ત્રીજો રસ્તો છે.

લુકાચે પ્રકૃતિવાદીઓ અને મનોવિશ્લેષણવાદીઓને વસ્તુપરક્તા તથા વ્યક્તિપરક્તા વિશે સ્પષ્ટપણે ચર્ચા કરીને વાસ્તવવાદ વિશે નોંધ્યું છે : "Realism is the recognition of the fact that a work of literature can rest, neither on a lifeless average, as the naturalists, suppose, nor on an individual principle which dissolves its own self into nothingness."૧૯ લુકાચના મંતવ્ય પ્રમાણે વાસ્તવવાદ એક એવા તથ્યની ઓળખ બની રહે છે જે સાહિત્યિક કૃતિ ન તો કોઈ નિષ્પ્રાણ સામાન્ય જિન્દગીની આશ્રિત હોઈ શકે કે નતો એકદમ શૂન્યમાં સ્વયં પોતાને જ પૂર્ણતઃ સાફ કરી દેવાવાળી વ્યક્તિગત સિદ્ધાન્ત.

લુકાચે વાસ્તવવાદના સન્દર્ભમાં જે વિશદ અને ગહન ચર્ચા કરી છે તે પ્રાયઃ વિચારકો-વિવેચકો માટે સ્વીકાર્ય બને તેવી શ્રદ્ધેય અને સ્પષ્ટ છે. તેમણે વાસ્તવવાદને એક જીવનવૃષ્ટિ અને કલાવૃષ્ટિના રૂપમાં તપાસીને સમાવીને જીવન અને કલાના વાસ્તવનું સમતોલપણું જાળવ્યું છે. તદુપરાન્ત વાસ્તવવાદના સન્દર્ભમાં જે ખોટા-સંકુચિત-અસ્પષ્ટ ખ્યાલો બંધાયા હતા તેને સ્પષ્ટ કરીને ખરેખર વાસ્તવવાદ શું છે, વાસ્તવવાદી સર્જકોનો આશય શું હોય છે, વાસ્તવવાદનું કાર્યક્ષેત્ર કેટલું વિસ્તૃત છે તેની વિશદ ચર્ચા કરીને વાસ્તવવાદ વિશે એક સર્વસ્વીકાર્ય અને પ્રામાણિક વિચારણા રજૂ કરે છે.

કેટલીકવાર વાસ્તવવાદને અવ્યાખ્યાયેય ગણાવીને તેની સાચી ઓળખ માટે તેના સન્દર્ભમાં થતી પ્રવૃત્તિઓનો દર્શાવવામાં આવે છે. સ્વચ્છતાવાદી આંદોલનની જેમ વાસ્વવાદને પણ આંદોલનરૂપ પ્રવૃત્તિ ગણાવીને તેના ઉદ્ભવની પણ ચર્ચા કરાઇ છે. એક આંદોલન તરીકે વાસ્તવવાદનો ઉદ્ભવ ફ્રાન્સની ઈ.સ. ૧૮૩૦ની ક્રાન્તિ પછી થયો છે. યથાર્થવાદી આંદોલનને એક દીર્ઘકાલીન આંદોલન તરીકે ઓળખાવાયું છે. આ આંદોલનની પ્રવૃત્તિઓને હિન્દી આલોચક ગણપતિચંદ્ર ગુપ્તે તેમના પુસ્તક, 'હિન્દી સાહિત્ય : પ્રમુખવાદ એવં પ્રવૃત્તિયાઁ'માં નીચે દર્શાવ્યા પ્રમાણે નોંધી છેઃ૨૦

(૧) વાસ્તવવાદી કલાકાર – 'જીવન શું છે?' નો જવાબ આપે છે. તે કેવું હોવું જોઇએ તેની .ભાંગજડમાં પડતો નથી.

(૨) વાસ્તવવાદી રચનામાં અતીત અને અનાગતની અપેક્ષાએ વર્તમાનનું ચિત્રણ વિશેષ હોય છે.

(૩) વાસ્તવવાદી રચનામાં જીવનની અસંગતિઓ, કટુતાઓ તથા વિષમતાઓનું ચિત્રણ હોય છે.

(૪) વાસ્તવવાદી રચનામાં પરિસ્થિતિઓનો માનવ પર પ્રભાવ બતાવવામાં આવે છે. જ્યારે આદર્શવાદીમાં માનવ પરિસ્થિતિઓ પર વિજય પ્રાપ્ત કરતો હોય છે.

(૫) વાસ્તવવાદી શૈલીમાં સ્વાભાવિકતા, તીવ્રતા, વ્યંગ્યાત્મકતા વિશેષ હોય છે, જ્યારે આદર્શવાદીમાં કાલ્પનિકતા, શિથિલતા અને કોમળતાનો વેગ હોય છે.

(૭) વાસ્તવવાદીમાં વૈયકિતકતા વિશેષ હોય છે, આર્દશવાદીઓમાં સામાજિકતા વધુ હોય છે.

(૮) વાસ્તવવાદી સાહિત્યમાં રૌદ્ર, બીભત્સ, શૃંગારની અભિવ્યકિત વધુ હોય છે, જ્યારે આદર્શવાદીમાં કરુણ,વીર અને શાન્તની.

આમ, ગણપતિચન્દ્ર ગુપ્તે વાસ્તવવવાદી સાહિત્યની પ્રવૃત્તિઓ ગણાવીને વાસ્તવવાદને ઓળખાવવાનો પ્રથમ કર્યો છે. આ પ્રવૃત્તિઓ સિવાય પણ બીજી કેટલીક પ્રવૃત્તિઓ, લક્ષણો છે જે વાસ્તવવાદનો પરિચય કરાવે છે. વાસ્તવવાદને જુદા જુદા દૃષ્ટિકોણથી અને જુદી જુદી ભૂમિકાએ તપાસવાના પ્રયાસ થયા છે. કોઇક વિચારકે વાસ્તવવાદને દર્શન-તત્ત્વજ્ઞાનની ભૂમિ પર તપાસ્યો છે તો કોઇકે સાહિત્ય તથા કલા-ચિંતનની ભૂમિ પર તપાસવાનો સફળ પ્રયાસ કર્યો છે. કોઇકે તેને આંદોલન રૂપે ગણાવ્યો છે તો કોઈકે તેનો જીવનદૃષ્ટિ તથા કલાદ્રષ્ટિ તરીકે પરિચય કરાવ્યો છે. કોઇક વિવેચકે તેને શૈલી (style) તરીકે ઓળખાવ્યો છે તો કોઇક પદ્ધતિ (Method) તરીકે ગણાવ્યો છે. આ દરેક વિચારક કે વિવેચકની વિચારણા વાસ્તવવાદના કોઇને કોઇ પાસાને સ્પર્શ છે. પ્રાય: વિચારકોએ વાસ્તવવાદને પદ્ધતિ તથા દૃષ્ટિકોણના સન્દર્ભમાં તપાસ્યો છે, સ્વીકાર્યો પણ છે. લુકાચનું સમગ્ર વિવેચન કલાગત વૈશિષ્ટને સાચવીને વાસ્તવવાદને એક પદ્ધતિ અને દૃષ્ટિકોણના રૂપમાં સ્વીકારે છે.

શિવકુમાર મિશ્રએ 'Dictionary of world literary terms'માં J.P. Shipley એ વાસ્તવવાદને સમજાવવા જે વિચારણા રજૂ કરી છે તેનો સંદર્ભ આપતાં નોંધ્યું છે કે Shipley એ વાસ્તવવાદને ત્રણ ભૂમિ પર સમજાવવાની કોશિષ કરી છે. આ ત્રણ પ્રકારના સન્દર્ભો આ પ્રમાણે છે : ૨૧

(૧) ચિત્રણને વિશેષ સમર્થ, પૂર્ણ તથા પ્રભાવશાળી બનાવવાના હેતુ વસ્તુસ્થિતિના એક એક પાસાને એકદમ સાચા પ્રસ્તુત કરવાનો પ્રયાસ.

(૨) એક પ્રેરક સિદ્ધાન્ત અથવા સંપૂર્ણ સાહિત્યિક નિર્માણને અનુશાસિત કરવાવાળું એક માત્ર સૌન્દર્ય શાસ્ત્રીય પ્રતિમાન અથવા લક્ષ્યના રૂપમાં તેની સ્વીકૃતિ.

(૩) તે આંદોલન જે બીજી સ્થિતિથી પ્રેરણા ગ્રહણ કરીને ૧૯મી શતાબ્દીના ઉત્તરાર્ધમાં વિકસિત થઇ.

આમ, વાસ્તવવાદ બહુપરિણામ અને બહુ અર્થ સંજ્ઞા છે. એક દૃષ્ટિકોણના રૂપમાં તે વાદ બની ગયા છે જે ૧૯મી સદીમાં અસ્તિત્વમાં આવ્યો છે. આ વાસ્તવવાદ વસ્તુપરક અને ભાવપરક એમ બે રીતે ઓળખાવાયો છે. લુકાચે વસ્તુપરક વાસ્તવવાદને સમજાવતાં નોંધ્યું છે :'It is condition sinquanon of great realism that the author must honestly record without fear favor everything he sees around him.૨૨ ખરેખર સાચો વાસ્તવવાદી સર્જક જે કંઈ તેની આસપાસ જુએ છે તેનું કોઇપણ પ્રકારનું ચિત્રણજ સાચું વાસ્તવવાદી સર્જન ગણાય.

લુકાચે વસ્તુપરક વાસ્તવવાદને સ્પષ્ટ કરી તેને વ્યાખ્યાયિત કરવાનો પ્રયાસ કર્યા છે. પરંતુ ભાવપરક વાસ્તવવાદને પણ બરાબર સમજી લેવો જાઈએ. જો લેખક સમાજના સંઘર્ષો તથા પરિસ્થિતિઓમાંથી પ્રેરણા લેવાને બદલે, પોતાના ભાવોની સચ્ચાઇ દ્વારા જ સાહિત્યમાં

ભાવાભિવ્યકિત કરે તો તેના સારા વાસ્તવવાદી સાહિત્યને ક્ષતિ પહોંચવાનો સંભવ છે. આપણે બરાબર જાણી લેવું આવશ્યક છે કે વાસ્તવવાદી સર્જનનું મૂળરૂપ કેવું છે. સૌ પ્રથમ તો એ સ્પષ્ટ સમજી લેવું જોઇએ કે કોઇ વસ્તુનું યથાવત્ નિરૂપણ વાસ્તવિક ચિત્ર કહેવાય, પરંતુ સર્જક ફોટાગ્રાફર નથી હોતો. સર્જન સમયે સર્જકતેમની શ્રધ્ધા અંધશ્રધ્ધાઓ, માન્યતાઓ, ભાવનાઓ, વિચારો, કહો કે સમગ્ર માનસિક વલણો સાથે જ કૃતિમાં પ્રવેશેછે તેથી બાહ્ય વાસ્તવનું સ્વરૂપ બદલાય છે આમછતાં વાસ્તવ કે સત્ય વિકૃત-વિરૂપ બનતું નથી. ફોટોગ્રાફીથી સાવ અલગ બને છે. તેથી જ હેવર્ડફાસ્ટ નામના વિચારકે નોંધ્યું છે. : ‘Realism being that literary syntheses which through selection and creation heightens for the Reader his understanding of reality.’૨૩

વાસ્તવવાદ તે સાહિત્યિક સંયોગ છે, જે પસંદગી અને રચનાના માધ્યમથી પોતાના વાસ્તવિક વિચારોને સમુન્નત રૂપમાં વાચક સમક્ષ પ્રસ્તુત કરે છે. હૈવર્ડફાસ્ટના મતે “સત્ય કોઇ સફરજન નથી કે કોઈપણ વ્યકિત તેને કાપી શકે. સત્ય એક જ પક્ષમાં હોઇ શકે. સત્યના સમ્બન્ધમાં સમાધાનની કોઇ સ્થિતિ નથી હોતી, તેની જુદી સ્થિતિ જ છે. સત્ય એક જ હોય છે.”૨૪ પરંતુ યથાર્થ સત્યનો સમ્બન્ધ વિલક્ષણ છે. યથાર્થનો સમ્બન્ધ અતીત અને અનાગત સાથે હોય છે. સો વર્ષ પૂર્વેનું સત્ય આજે સત્ય જ હોય એ જરૂરી નથી. આ પ્રકારે જો યથાર્થ બદલે છે તો તેનું સ્તર પણ બદલાય છે. તેથી જ વાસ્તવ બદલાતા જુદા જુદા પ્રકારનાં વાસ્તવવાદી વલણો અસ્તિત્વમાં આવ્યાં છે.

વાસ્તવવાદનો પ્રશ્ન સાહિત્યમાં સત્ય સાથે અલ્પાંશ પણ સમ્બન્ધ નથી ધરાવતો. પરન્તુ તેનો સમ્બન્ધ કેવળ રચનાની કલાત્મક શૈલીની સાથે જ છે. એ નિર્વિવાદ સત્ય છે કે વાસ્તવવાદ સત્યની પ્રવાહિત ધારામાં એક મુખ્ય વળાંક છે જેની પોતાની એક વિશેષ લાક્ષણિકતા છે. સમાજમાં કુટિલ તથા પ્રપંચથી ભરેલી વાર્તાઓની માંગ તથા અશ્લીલ તથા કુટિલ ચલચિત્રો પ્રત્યેની વધતી જતી અનુરક્તિ જો કે યથાર્થ નથી, વિનાશોન્મુખ અને કુટિલ જીવનનું ચિત્રણ માત્ર છે.

વાસ્તવવાદ વિશે પ્રેમચંદનું મંતવ્ય નોંધનીય છે : “યથાર્થવાદ ચરિત્રોં કો પાઠક કે સામને ઉનકે યથાર્થ નગ્ન રૂપ મેં રખ દેતા હૈ. ઉસે ઉસસે કુછ મતલબ નહીં કી સચરિત્રકા પરિણામ બુરા હોતા હૈ યા કુચરિત્ર કા પરિણામ અચ્છા. ઉસકે ચરિત્ર અપની કમજોરિયાઁ ઔર ખુબિયાઁ દિખાતે હુએ અપની જીવનકલા સમાપ્ત કરતે હૈં, ઔર યૂકિ સંસાર મેં સદૈવ નેકી કા ફન નેક ઔર બદીકા ફલ બદ નહીં હોતા, બલ્કિ ઉસકે વિપરીત હુઆ કરતા હૈ. નેક આદમી ધક્કે ખાતે હૈં; યાતનાએ સહતે હૈ, મુસીબતેં ઝેલતે હૈં, અપમાનિત હોતે હૈં, ઉનકે નેક કા ફલ ઉલ્ટા મિલતા હૈ. પ્રકૃતિ કા નિયમ વિચિત્ર હૈ. યથાર્થવાદી અનુભવ કી બેડિયોં મેં જકડા રહતા હૈ. ચૂંકિ સંસાર મેં જૂઠે ચરિત્રોં કી હી પ્રધાનતા હૈ, યહાં તક કિ ઉજ્જવલ સે ઉજ્જવલ ચરિત્ર મેં ભી કુછ ન કુછ દાગ-ધબ્બા રહતા હૈ, ઈસલિયે યથાર્થવાદ હમારી દુર્બલતા, હમારી વિષમતાઓં ઔર હમારી ક્રૂરતાઓં કા નગ્નચિત્ર હૈ.”૨૫ જો યથાર્થવાદનું લક્ષ્ય આ

નથી આ તો યથાર્થવાદ વિશેનો ભ્રામક ખ્યાલ છે. ખરેખર તો યથાર્થવાદની સૃષ્ટિ આપણને નિરાશાવાદી બનાવવા માટે નથી હોતી, પરંતુ તેની સૃષ્ટિ આશાને દૃઢતર બનાવનારી હોય છે અને તેનું લક્ષ્ય ચારેય બાજુનાં ખરાબ ચિત્રો-ચરિત્રોને નજર સામે મૂકવાનું પણ હોતું નથી.

જયશંકર પ્રસાદના મંતવ્ય મુજબ યથાર્થવાદ એક સાહિત્યિક દૃષ્ટિ છે. તેઓએ સ્વીકાર્યું છે કે, "યથાર્થવાદ કી વિષમતાઓં મેં પ્રધાન હૈ લઘુતા કી ઔર સાહિત્યિક દૃષ્ટિપાત, ઉસમેં સ્વભાવતઃ દુઃખ કી પ્રધાનતા ઔર વેદના કી અનુભૂતિ આવશ્યક હૈ."૨૬ જયશંકરપ્રસાદે વાસ્તવવાદ વિશે યોગ્ય તારણ કાઢતાં નોંધ્યું છે :

"યથાર્થવાદ ક્ષુદ્રોં કા હી નહીં અપિતુ મહાનો કા ભી હૈ. વસ્તુતઃ યથાર્થવાદ કા મૂલ ભાવ હૈ વેદના. જબ સામૂહિક ચેતના ભિન્ન ભિન્ન હોકર પીડિત હોને લગતી હૈ તબ વેદના કી વિવૃત્તિ આવશ્યક હો જાતી હૈ."૨૭ આ કારણે જ સમયાનુસાર સાહિત્યનાં રૂપોમાં પરિવર્તન થાય છે. આમ, વાસ્તવિકતા એકાંગી નથી.

ડૉ. હજારીપ્રસાદ દ્વિવેદીએ વાસ્તવવાદને એવી માનસિક પ્રવૃત્તિ ગણાવી છે જે નિરંતર અવસ્થાની અનુકૂલ પરિવર્તિત ઔર રૂપાયિત થતી રહે છે.૨૮ તો, પંડિત નંદદુલારે બાજપાયના મતે યથાર્થવાદ વસ્તુઓની પૃથક સત્તાનો સમર્થક છે. તે સમષ્ટિની અપેક્ષાએ વ્યષ્ટિની તરફ વિશેષ ઉન્મુખ રહે છે. વાસ્તવવાદનો સમ્બન્ધ પ્રત્યક્ષ વસ્તુજગત સાથે છે. ૨૯ શિવદાનસિંહ ચૌહાણે યથાર્થવાદના સંદર્ભમાં કહ્યું છે: 'મહાન સાહિત્ય ઔર કલા સદા નિર્વિકલ્પ રૂપ સે જીવન કી વાસ્તવિકતા કો હી પ્રતિબિમ્બિત કરતી હૈ, અતઃ ઉસકી એકમાત્ર કસૌટી ભી ઉસકા યથાર્થવાદ હૈ."૩૦ તેમના મતે વાસ્તવવાદમાં માત્ર વાસ્તવિક જીવનનું મહત્ત્વ નથી, પરંતુ અભિવ્યક્તિ, ટેકનિક અને શૈલીનું પણ મહત્ત્વ છે તેથી જ વાસ્તવવાદી સર્જન મહાન સર્જન પ્રતિભાઓની સૃષ્ટિ બની રહે છે.

આ રીતે વાસ્તવવાદનું સ્વરૂપ, ઊંડાણથી વિચારતા, સંકુલ જણાય છે. આમ છતાં અહીં જે જે વિદ્વાનોનાં મંતવ્યોની ચર્ચા કરવામાં આવી છે એ ચર્ચા વાસ્તવવાદનાં વિભિન્ન પાસાંઓનો વિશદ પરિચય કરાવે છે. આ વાસ્તવવાદ કોઈ એક સ્વરૂપે જ વિકસ્યો નથી. સમયાન્તરે તેના આંતર્-બાહ્ય સ્વરૂપમાં પરિવર્તન આવતું ગયું છે. એ પરિવર્તનોના પ્રતિઘોષો સર્જનાત્મક કૃતિમાં પડતા ગયા છે અને એ રીતે વિભિન્ન રૂપોવાળા વાસ્તવવાદનો ઉદ્‌ભવ થતો રહ્યો છે અને વિકાસ પણ થતો રહ્યો છે. તો હવે આપણે પરિવર્તન પામતાં જતાં વાસ્તવવાદનાં વિભિન્ન આવિષ્કરણો વિશે વિગતે ચર્ચા કરીએ.

## વાસ્તવવાદનાં વિભિન્ન આવિષ્કરણો:

પ્રત્યેક કલાનો સીધો સમ્બન્ધ વાસ્તવ સાથે રહેલો છે. 'વાસ્તવ' વિશેનો ખ્યાલસમયાન્તરે બદલાતો રહ્યા હોવાથી એ એક સંદિગ્ધ અથવા અનેકઅર્થી સંજ્ઞા બની ગઈ છે. 'વાસ્તવ' અથવા 'વાસ્તવિકતા' વિશેના ખ્યાલો વિશે પણ જુદા જુદા મત પ્રવર્તે છે. ડૉ. નરેશ વેદે 'વાસ્તવ' વિશેના મુખ્યત્વે ત્રણ ખ્યાલો નોંધ્યા છે :૩૧

(૧) 'વાસ્તવ'નો અર્થ જે માત્ર વસ્તુગત છે, સામેના વિશ્વમાં પડયું છે, તેમાંથી જડયું છે, તેમાં નોંધાયું છે તેવો પણ થાય છે.

(૨) વાસ્તવ એટલે જેને ખરેખર અથવા સંભાવનારૂપે આપણે ગ્રહણ કરી શકીએ તેવા આપણા અનુભવો.

(૩) આપણે જેને વાસ્તવ કહીએ છીએ તે એ સંવેદનાઓ અને એ સંસ્મરણો વચ્ચેનો સંબંધ છે જે એકી સાથે આપણને ત્યાંથી વળે છે.

વાસ્તવ વિશેના બદલાતા અને સંકુલ બનતા જતા ખ્યાલોએ વાસ્તવવાદના સ્વરૂપને પણ સંકુલ બનાવી દીધું છે. સમય સંજોગાનુસાર વાસ્તવવાદનું રૂપ પણ બદલાતું રહ્યું છે. આ બદલાતા જતા વાસ્તવવાદનાં જુદાં જુદાં સ્વરૂપોને સમજવા માટે 'વાસ્તવવાદ' સંજ્ઞાની પૂર્વે જુદાં જુદાં વિશેષણો લગાડવામાં આવ્યાં છે. ડૉ. સતીષ વ્યાસે 'વાસ્તવવાદ'નાં રૂપોને આ રીતે દર્શાવ્યાં છે :૩૨

(૧) ક્રિટિકલ રિઆલિઝમ

(૨) ડાયનેમિક રિઆલિઝમ

(૩) એક્સ્ટર્નલ રિઆલિઝમ

(૪) ફ્રેન્ટેસ્ટિક રિઆલિઝમ

(૫) ફોર્મલ રિઆલિઝમ

(૬) આઈડિયલ રિઆલિઝમ

(૭) મિલિટન્ટ રિઆલિઝમ

(૮) પેસિમિસ્ટિક રિઆલિઝમ

(૯) આઈરોનિક રિઆલિઝમ

(૧૦) ઈન્ફ્રા રિઆલિઝમ

(૧૧) નેઈવ રિઆલિઝમ

(૧૨) નેશનલ રિઆલિઝમ

(૧૩) નેચરાલિસ્ટ રિઆલિઝમ

(૧૪) ઑબ્જેક્ટિવ રિઆલિઝમ

(૧૫) પ્લાસ્ટિક રિઆલિઝમ

(૧૬) પોએટિક રિઆલિઝમ

(૧૭) સાયકોલોજિકલ રિઆલિઝમ

(૧૮) કોટિડિયન રિઆલિઝમ

(૧૯) સેટાયરિક રિઆલિઝમ

(૨૦) સોશિયલ રિઆલિઝમ

(૨૧) સુપર-સબ્જેક્ટિવ રિઆલિઝમ

(૨૨) વીઝનરી રિઆલિઝમ

(૨૩) રોમેન્ટિક રિઆલિઝમ

(૨૪) સબ્જેક્ટિવ રિઆલિઝમ

(૨૫) લો રિઆલિઝમ

(૨૬) હાઈ રિઆલિઝમ

(૨૭) નિઓ રિઆલિઝમ

(૨૮) સર રિઆલિઝમ

આ વિશેષણો પરથી સહેજેય સમજી શકાય કે વાસ્તવવાદ કેટલો વૈવિધ્યસભર અને સાપેક્ષ છે. શિવકુમાર મિશ્રે 'આલોચનાત્મક યથાર્થવાદ' અને 'સામાજિક યથાર્થવાદ' જેવા બે મુખ્ય યથાર્થવાદી આંદોલનોને યથાર્થવાદી કલા આંદોલનના વિકાસના મુખ્ય આયામ ગણાવીને તેમની સવિશેષ ચર્ચા કરી છે. તો હિન્દી આલોચક ત્રિભુવનસિંહએ 'ઐતિહાસિક યથાર્થવાદ' અને 'સમાજવાદી યથાર્થવાદ' જેવા બે મુખ્ય પ્રકારોને હિન્દી નવલકથાના સન્દર્ભમાં તપાસ્યા છે. આ સમગ્ર ચર્ચાવિચારણા પરથી સહજ રીતે જ સમજાશે કે વાસ્તવ અને વાસ્તવવાદ - જેવી બન્ને સંજ્ઞા કેટલી સંકુલ છે. વાસ્તવવાદનાં વિભિન્ન રૂપો કોઈપણ ભાષાની સાહિત્યકૃતિના સન્દર્ભમાં નિહાળી શકાય. આ સ્વાધ્યાય ગુજરાતી સર્જકોની નવલકથા, નવલિકા, નાટક જેવાં ગદ્ય સાહિત્યસ્વરૂપોને એક વિશિષ્ટ અભિગમથી તપાસવામાં ઉપયોગી થઈ પડશે એવી આશા છે.

## સંદર્ભ નોંધઃ

૧. 'ભગવદ્ગોમંડલ' ભાગ-૮, આવૃત્તિ: પ્રથમ પૃ૪: ૮૦૨૪

૨. 'બૃહદ્ ગુજરાતી કોશ' ખંડ-૨, સંપાદક: કે. કા. શાસ્ત્રી, આવૃત્તિ : ૧૯૮૧, પૃ૪ : ૨૦૬૦

૩. 'સાહિત્યિકવાદ' : સંપાદક : અમૃતલાલ યાજ્ઞિક અને બીજા, આવૃત્તિ : પ્રથમ, પૃ૪ : ૩૫

૪. 'The Concise Oxford Dictionary Of Current English' edited by H.W. Fowled and F.G.Fowler, edition: 1974, page: 1029

૫. 'અંગ્રેજી ગુજરાતી કોશ' : લેખક : પાંડુરંગ ગણેશ દેશપાંડે, આવૃત્તિ : ૧૯૭૦, પૃષ્ઠ: ૫૬૭
૬. 'બૃહદ્ ગુજરાતી કોશ':સંપાદક: કે.કા.શાસ્ત્રી, આવૃત્તિ: ૧૯૮૧, પૃષ્ઠ: ૨૦૬૦
૭. 'The advance Learners Dictionary of current English' by A.S.Hurnby, edition: page: ૭
૮. 'આધુનિક સાહિત્ય સંજ્ઞાકોશ' સંપાદક : ચન્દ્રકાન્ત ટોપીવાળા અને બીજા, આવૃત્તિ : ૧૮૮૭
૯. 'નવલકથા, વાસ્તવ અને વાસ્તવવાદ' લે. જયંત ગાડીત, આવૃત્તિ,: ૧૯૮૫ પૃષ્ઠ:૨૫
૧૦. 'સાહિત્યકવાદ': સંપાદક: અમૃતલાલ યાજ્ઞિક, આવૃત્તિ: પ્રથમ, પ્રષ્ઠ: ૮૯
૧૧. 'સમીક્ષાસેતુ': લેખક: પ્રસાદ બ્રહ્મભટ્ટ, આવૃત્તિ: પ્રથમ, પૃષ્ઠ: ૧૧૧
૧૨. 'કવિની સાધના': લેખક: ઉમાશંકર, આવૃત્તિ: ૧૯૬૧, પૃષ્ઠ: ૯૨
૧૩. એજન, પૃષ્ઠ :૯૪
૧૪. 'કવિલોક': 'વાસ્તવવાદ અને અતિવાસ્તવવાદ' લેખ, લેખકઃ ઇલા પાઠક, જાન્યુ-ફેબ્રુ, ૧૯૭૬, પૃષ્ઠ: ૫
૧૫. 'યથાર્થવાદ' લેખક: શિવકુમાર મિશ્ર, આવૃત્તિ: ૧૯૫૭, પૃષ્ઠ: ૧૪
૧૬. એજન, પૃષ્ઠ : ૧૪:૧૫
૧૭. 'યથાર્થવાદ' લેખક: શિવકુમાર મિશ્ર, આવૃત્તિ: ૧૯૭૫, પૃ. ૩
૧૮. 'Studies in European Realism': લેખક: લુકાચ, પ્રથમાવૃત્તિ, પૃ. ૬
૧૯. Studies in European Realism' લેખક: લુકાચ, પ્રથમઆવૃત્તિ, પૃષ્ઠ: ૬
૨૦. 'હિન્દી સાહિત્ય: પ્રમુખવાદ એવં પ્રવૃત્તિયાં' લેખક: ગણપતિચંદ્ર ગુપ્ત, આવૃત્તિ: ૧૯૭૧, પૃષ્ઠ: ૬૭-૬૮
૨૧. 'યથાર્થવાદ' લેખક: શિવકુમાર મિશ્ર, આવૃત્તિ: ૧૯૭૫, પૃષ્ઠ: ૩-૪
૨૨ .'Study in European Religion' ૫૫ :George Lukaus, પૃષ્ઠ: ૧૩૭
૨૩ .'Literature and Reality', :H. Fast, P. 19
૨૪. એજન, પૃ. ૧૮
૨૫. 'ગદ્ય તરંગિણી': ઉપન્યાસ નામનો લેખ, લેખક: પ્રેમચંદ, પ્રથમાવૃત્તિ, પૃ. : ૫૨
૨૬. 'કાવ્ય ઔર કલા તથા અન્ય નિબંધ': લેખક: જયશંકર પ્રસાદ, પ્રથમાવૃત્તિ, પૃષ્ઠ: ૧૨૦
૨૭. 'કાવ્ય ઔર કલા તથા અન્ય નિબંધ': લેખક: જયશંકર પ્રસાદ, પ્રથમાવૃત્તિ, પૃષ્ઠ: ૧૨૦
૨૮. 'વિચાર ઔર વિતર્ક': લેખક: હજારીપ્રસાદ દ્વિવેદી, પ્રથમાવૃત્તિ, પૃષ્ઠ: ૯૫
૨૯. 'આધુનિક સાહિત્ય': લેખક: પંડિત નન્દદુલારે બાજપાય, પ્રથમાવૃત્તિ, પૃ. ૧૦૮
૩૦. 'આલોચના': સમ્પાદકીય, ઈ.સ. ૧૯૫૨, શિવદાસસિંહ ચૌહાણ
૩૧. 'નવલકથા: શિલ્પ અને સર્જન': લેખક: નરેશ વેદ, આવૃત્તિ: ૧૯૮૩, પૃષ્ઠ: ૪૨-૪૩
૩૨. 'વાસ્તવવાદ અને નિસર્ગવાદ': લેખક: સતીશ વ્યાસ, આવૃત્તિ: ૧૯૮૯, પૃષ્ઠ: ૫.